## <u>અમદાવાદના મહે. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ, અમદાવાદ શહેર.</u>

**ફોજદારી કેસ નંબર :– ૪૯૬૭૭/ ૨૦૨૨**

**આંક :– ૦૮**

<u>ફરીયાદી</u> :– શ્રી સરકાર

<u>વિ રૂ ધ્ધ</u>

<u>આરોપીઓ</u> :– **શ્રી દ્વારીકાનાથ એજ્યુકેશન ટ્રસ્ટ,અમદાવાદના ટ્રસ્ટીઓ....**

(૧) શ્રી સીતારામ ધ્વારીકાપ્રસાદ યાદવ,

(૨) શ્રી સચારામ બાબુરામ યાદવ,

(૩) શ્રી રામસુરત રામરાજ યાદવ,

(૪) શ્રી દયારામ બાબુરામ યાદવ,

હે.તમામ શ્યામપાર્ક સોસાયટી,જોગેશ્વરી સોસાયટી સામે,
અમરાઈવાડી, અમદાવાદ

**<u>ગુન્હો :– ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ ની કલમ–૨૨ ની જોગવાઈ મુજબ કલમ–૬૬ મુજબ.</u>**

૧). આ કામના આરોપીઓ વિરૂધ્ધમાં **ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ ની કલમ–૨૨ ની જોગવાઈ મુજબ કલમ–૬૬ મુજબની** ફરીયાદ દાખલ કરવામાં આવતાં તેને ફોજદારી કેસ રજીસ્ટરે લઈ કોગ્નીજન્સ લેવામાં આવેલ છે.

૨). આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતા, આરોપીઓને કેસ પેપર્સની નકલો આપ્યા બાદ આરોપીઓએ પોતાને ગુનો કબુલ છે તેવું જાહેર કરતી પુરસીસ રજુ કરેલ છે. આથી અદાલતે તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલા નથી અને ગુનો કબુલ કરવાથી કાયદા મુજબ સજા થઈ શકે તે સમજાવેલ છે. ત્યારબાદ પ્લી રેકર્ડ કરતાં તેમાં પણ પોતાને ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. આથી કબુલાત સ્વેચ્છાપૂર્વકની હોવાની ખાત્રી કર્યા બાદ પુરસીસ રેકર્ડ કરવામાં આવી, અને ત્યારબાદ આરોપીઓને સજા અંગે સાંભળવામાં આવ્યા.

૩). આરોપીઓએ ગુનાની કબુલાત સ્વૈચ્છિક કરેલ છે તથા અદાલત સમક્ષ પસ્તાવો વ્યકત કરેલ છે. પોતાનો આ પ્રથમ ગુન્હો હોય, ભવિષ્યમાં ગુનો નહી કરવાની ખાત્રી આપે છે તથા રહેમ રાખી હુકમ કરવા અરજ કરેલ છે. પોતે કુટુંબની એકમાત્ર કમાનાર વ્યકિત હોવાની રજુઆત કરે છે. પોતાના અને કુટુંબના ભવિષ્યને લક્ષમાં રાખી દયા રાખવા અને ગુનો માફ કરવા વિનંતી કરે છે.

૪). આરોપીઓએ ગુનો કબુલ કરતા સજા થવી જોઈએ તેમ આ અદાલત માને છે, તેમજ સમાજના હીતમાં પણ આરોપીઓને સજા કર્યા વિના માફ કરવા યોગ્ય નથી. પરંતુ આરોપીઓની રજુઆતો ધ્યાનમાં લેતાં તેમજ પુરસીસ વંચાણે લેતા અને ના.ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ વિ. નટવર હરચંદજી ઠાકોર, રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર.૨૦૯ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત

તથા સંજોગોને ધ્યાને લેતાં, આ કામમાં આરોપીઓને સુધરવાની તક આપી યોગ્ય સજા કરવી જોઈએ તથા હાલના ગુનામાં ઓછામાં ઓછી સજા નિયત કરવામાં આવેલ નથી. આથી ગુનાનો પ્રકાર, આરોપીઓની સ્થિતિ તથા કાયદાકીય જોગવાઈ ધ્યાને લઈ, ગુનાનો અહેસાસ માત્ર થાય તેટલી સજા કરવાની ન્યાયનો હેતુ જળવાઈ રહેશે, તેમ આ અદાલત માને છે.



૫). આરોપીઓ સામેનો ગુનાનો આરોપ, ગુનાનો પ્રકાર, આરોપીઓની સ્થિતિ તથા કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતાં અને આરોપીઓ ગુનો કબુલ કરતા તકસીરવાન ઠરતા હોય, ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**'' હુ ક મ ''**

ઉપરોકત આરોપીઓને **ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ ની કલમ–૨૨ ની જોગવાઈ મુજબ કલમ–૬૬ મુજબ** ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૨૫૨ હેઠળ તકસીરવાન ઠરાવી **દરેક આરોપીને રૂા.૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા)** દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીઓએ કુલ **રૂા.૨,૫૦૦/– (અંકે રૂપિયા બે હજાર પાંચસો)** પુરાનો દંડ ભરવો.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ :– ૧૪/૦૩/૨૦૨૬.
અમદાવાદ.

**(એસ. જે. પંચાલ)**
ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ શહેર.
કોડ નં. જીજે૦૦૮૬૪.